# હ્યુસ્ટન સાહિત્ય સરિતા યોજીત 'શબ્દ'ને મ્હેંકાવતા સર્જકોની બેઠક

**સુગરલેન્ડ, હ્યુસ્ટનઃ** અમેરિકાની ધરતી પર માતૃભાષા ગુજરાતી અને ગુજરાતી સંસ્કૃતિને જીવંત રાખવા માટે સતત પ્રયત્નશીલ રહેતી હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતાની માસિક બેઠક તા.૨૧ ફેબ્રુઆરીના શનિવારે હ્યુસ્ટનના જાણીતા સમાજ સેવક દિનેશભાઇ શાહના નિવાસસ્થાને યોજવામાં આવી હતી. બેઠકનો વિષય હતો, 'શબ્દ'! બેઠકમાં શહેરના સાહિત્યપ્રેમીઓ તથા કવિ-લેખકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

સભાનો દોર કવયિત્રી દેવિકાબેન ધ્રુવે સંભાળ્યો હતો. કાર્યક્રમની શરૂઆત બપોરે બે વાગે થઇ હતી. પ્રારંભે સંચાલક જયંત પટેલે સૌને આવકાર્યા હતા અને સભાનું સંચાલન દેવિકાબેનને સોંપ્યું હતું. બેઠકમાં ન્યુ જર્સીથી પધારેલા સુષ્માબેન શાહની પ્રાર્થનાથી બેઠકની શરૂઆત થઇ. બેઠકમાં ઉપસ્થિત સ્થાનિક કવિ-લેખકો તેમની કૃતિઓ રજુ કરે તે પૂર્વે ગુજરાતી સાહિત્યના શુભેચ્છક અને પ્રોત્સાહક સ્વ.ડૉ શિરિશ કોઠારીની ચિર વિદાય બદલ બે મિનિટનું મૌન પાળી તેમને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.




**હ્યુસ્ટન સાહિત્ય સરિતાના ઉપક્રમે સુગરલેન્ડમાં દિનેશ શાહના નિવાસે યોજાયેલી માસિક બેઠકમાં ઉપસ્થિત સ્થાનિક કવિ-લેખકો અને સાહિત્યપ્રેમીઓની સમૂહતસવીર.** *(ફોટોસૌજન્યઃ હ્યુસ્ટન સાહિત્ય સરિતા)*

સૌપ્રથમ ગુજરાતી સાહિત્યના માનીતા સ્થાનિક પ્રૌઢ કવિ-લેખક શ્રી ધીરુભાઇ શાહે, જેઓ હમણાં જ ગંભીર અકસ્માતને પગલે માંદગીમાથી પસાર થઇ રહ્યા છે તેમની સરળ શૈલીભરી કવિતા એમની પુત્રવધૂ હેમંતી શાહે વાંચી સંભળાવી હતી, જેના શબ્દો હતાઃ 'શબ્દ સુખ, શબ્દ દુઃખ, શબ્દ આશા-નિરાશા આપે.' જે આજનો મુખ્ય વિષય હતો 'શબ્દ'.સાથે ગાંધી તારો જય થશે,જેવી સુંદર કવિતા રજુ કરી બાપુને શ્રધ્ધાંજલિ આપી હતી.

રેખા બારડે શ્રી ધીરુભાઇના જીવનકવનને વધાવતી વિશ્વદીપ રચિત કવિતા 'મ્હેંકતા ફૂલ' ગાઇ તો કવિશ્રી હિંમતભાઇ શાહે પણ ધીરુભાઇના કાર્ય અને મિજાજને દાદ આપતી કવિતા 'આપની સરળતા કપાળે ચાંદલો કરી જાય, ચંદ્રમાંથી સહજ શીતળતા ઝરે..' રજુ કરી તેમને બિરદાવ્યા હતા.

ન્યુ જર્સીથી પધારેલ ગુજરાત ટાઇમ્સના વરિષ્ઠ તંત્રી અને આજની સભાના મુખ્ય અતિથિ શ્રી રમેશ ભાઇ જાદવે તેમના વક્તવ્યમાં શબ્દ અને ભાષાની ઉત્પત્તિ વિશે સુરેખ વિશ્લેષણ કરતાં કહ્યું કે ભાષા એ આપણી જન્મજાત જણસ નથી. ભાષા માનવસર્જીત છે. શબ્દ પહેલાં ધ્વનિની ઉત્પત્તિ થઇ પછી શબ્દ. શબ્દને અર્થો આપણે આપ્યા. શબ્દમાંથી ભાષા ને ભાષામાંથી વિચાર પેદા થયો. બાળક જન્મે ત્યારે તેનો પ્રથમ શ્વાસ લે અને શ્વાસ લેતો થાય તે માટે તેને ઊંધે માથે ઝાલી તેની પીઠ થાબડવામાં આવે છે અને ત્યારે નવજાત શિશુનો પહેલો ધ્વનિ ઉંવા.. ઉંવા હોય છે. સર્જકે તેના સર્જનના સાક્ષાત્કાર માટે શબ્દોને શુધ્ધ કરવા પડે તોજ એ શબ્દ ચિરંજીવ બની રહે એમ જણાવી શ્રી જાદવે શબ્દજ્ઞાનનો ઊંડો ખ્યાલ આપ્યો હતો.

હ્યુસ્ટનના સાહિત્યપ્રેમીઓ શાંતિથી અને ધ્યાનથી એ સાંભળી રહ્યા હતા અને તેનો આનંદ માણી રહ્યા હતા. ઓસ્ટિનથી પધારેલ સરયૂબેન પરીખે સંતોષ' વિશે મુક્તક રજુ કર્યું તો રસિકભાઇ મેઘાણીએ 'ઓ મારા હૃદય ક્યાં થાકી ગયો, બે ચાર પ્રલયની રાતોમાં.' કૃતિ પેશ કરી તો વિરેન્દ્ર બેન્કરે વાંસળીના મધુર સ્વરે શ્રોતાઓને મુગ્ધ કર્યા. નવીન બેન્કરે રાજેન્દ્ર શુક્લની શબ્દ વિશેની કૃતિ 'મનને સમજાવો નહિ' રજુ કરી હતી. શૈલા મુનશા, નરૂદીન દરેડીયા, મનોજ મહેતા, વિજય શાહ, અશોક પટેલ, વિશાલ મોણપરા અને વિશ્વદીપ બારડે તેમની કૃતિઓ સંભળાવી સૌને ભાવ વિભોર કર્યા હતા.

વિજય શાહે હ્યુસ્ટન સાહિત્ય સરિતાની દિન-પ્રતિદિન થતી પ્રગતિને વધુ આગળ ધપાવવા હ્યુસ્ટનના કવિઓની સ્વરચિત કૃતિઓનું પ્રકાશન થાય તે માટે સૌને પ્રોત્સાહિત કર્યા. હ્યુસ્ટન અમેરિકામાં ગુજરાતી સાહિત્યનું અગત્યનું કેન્દ્ર છે. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આગામી મહિનાઓમાં શહેરમાં મોટો કાર્યક્રમ કરવો એવી પ્રસ્તાવના શ્રી દીપક ભટ્ટે કરી જેને સૌએ વધાવી લીધી. તેજાણી, વરાલી સાહેબે જુદા જુદા સંપ્રદાય અને આતંકવાદ અંગે ઉદાહરણો આપ્યા.નિરાલીબેને 'શબ્દ' ના અર્થઘટન, સુરેશ બક્ષીએ 'સમન્વય' જેવી બુકનું પ્રકાશન સ્થાનિક કવિઓ માટે થવું જરૂરી છે,એમ કહ્યું.

સમગ્ર સભાના સુંદર સંચાલનનો યશ સમયની સાચવણી સાથે શબ્દ વિશે અવારનવાર ઊંડી સમજ આપનાર અને 'શબ્દને પાલવડે'ના સર્જક કવયિત્રી દેવિકાબેન ધ્રુવને ફાળે જાય છે. શ્રી દિનેશભાઇ શાહના લાગણીસભર આભાર, તેમજ તેમના ધર્મપત્ની હેમંતી બેનના સ્વાદિષ્ટ અલ્પાહારનું આયોજન ને ભોજનના સુમેળ સાથે સાંજે પાંચ વાગે સભાનું વિસર્જન થયું.

*(અહેવાલ સૌજન્યઃ વિશ્વદીપ બારડ)*

# એટલાન્ટામાં ભજવાયું હાસ્યની છોળો રેલાવતું નાટક 'અનમેરિડ હસબન્ડ'

રજુઆતઃ રૂચિતા પટેલ

**એટલાન્ટા, જ્યોર્જીઆઃ** મહામંદીની માનસિક તાણ અને હાડ થીજાવી દેતી ઠંડીમાં મનોરંજનનું મનમોહક આકર્ષણ એટલે રંગભૂમિ પર રજુ થતા નાટકો! અત્રે એટલાન્ટામાં નિલોફર દેસાઇ લિખિત, રસિક દવે દિગ્દર્શિત અને સરિતા જોષીના દીકરી અને ફિલ્મ તથા ટીવી સિરિયલોની જાણીતી અભિનેત્રી કેતકી દવે, રસિક દવે અભિનિત હાસ્યની સતત છોળો ઉડાડતું નાટક 'અનમેરિડ હસબન્ડ'રજુ કરી વાય.કે એન્ટરટેઇન્મેન્ટના કમરુ હમરાનીએ નાટ્યપ્રેમીઓને ખુશહાલ કરી દીધા હતા.





**એટલાન્ટામાં ભજવાયેલા નાટક 'અનમેરિડ હસબન્ડ'ના એક દ્રશ્યમાં ડાબેથી રસિક દવે, કેતકી દવે, દિનકર ઉપાધ્યાય અને મયુના શાહ, (ઉપર) વાસુ પટેલ, કેતકી દવે અને રૂચિતા પટેલ.** *(ફોટોઃ વાસુ પટેલ)*

યુવાનીની મોજ-મસ્તી અને મૂંઝવણની છલકાતી મલકાતી, રમતિયાળ વાતો અને ફૂલગુલાબી હાસ્ય પીરસતું આ નાટક અહીંના નાટ્યપ્રેમી ગુજરાતીઓએ એકીઅવાજે વધાવી લીધું હતું. અઢી કલાક સુધી નોનસ્ટોપ હાસ્યોની છોળો રેલાવતું આ નાટક સહકુટુંબ માણવા જેવું નીવડ્યું હતું. નાટકનો થીમ હતો, પુરુષની જોહુકમીને નફરત કરતી અને ન પરણવાનો સંકલ્પ ધરાવતી યુવતી અને તેને લગ્ન કરવા માટે દબાણ લાવતા તેના માતાપિતા સાથે ના સંઘર્ષની કથા.

માબાપના દબાણથી કંટાળી ઘર છોડી જતી યુવતી પછી એક ભાડુતી પતિ સાથે માબાપ સમક્ષ રજુ થાય છે અને તેમાંથી જે ગોટાળા અને હાસ્યરસ નીપજે છે એ તો તખ્તા પર ભજવાતું આ નાટક સ્વયં નિહાળો ત્યારે જે તેની રંગત માણી શકાય! તેમાં જ્ઞાન સાથે ગમ્મત છે.

તેમાં માબાપના લાડ-પ્યાર કે ગુસ્સા પાછળ છુપાયેલી તેમની લાગણીઓને સમજવાની તથા માબાપે પણ બાળકોને યોગ્ય સમયે યોગ્ય અને સાચા માર્ગની સમજણ આપવાની આવશ્યકતા તેમાં છતી થાય છે અને શ્રોતાઓને પેટ પકડીને હસતા-હસાવતા ઘણું બધું શીખવી જાય છે.

હમરાનીને પગલે મુસ્તફા અજમેરી પણ આગામી ૨૭મી માર્ચે પદ્મારાણી અને સનત વ્યાસના સુપરહિટ સામાજિક હાસ્યનાટક 'પ્રેમ કરતાં પંક્ચ પડ્યું.' રજુ કરવાના છે.

# ડાયરેક્ટ ટીવીએ મેળવેલા જાગતિક ક્રિકેટ સ્પર્ધાઓ બ્રોડકાસ્ટ કરવાના અધિકારો

**ન્યુ યોર્કઃ** દેશની આગેવાન સેટેલાઇટ ટીવી સર્વિસ પ્રોવાઇડર ડાયરેક્ટીવી, ઇન્ક. તથા ક્રિકેટ વીડિયોની એકધારી રજુઆત કરનારી ઇન્ટરનેટની સૌથી મોટી પોર્ટલ વિલૉ ટીવી ઇન્ક. વચ્ચે એકથી વધુ વર્ષોના કરાર થયા છે, જે અન્વયે ડાયરેક્ટીવીને ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ(આઇસીસી) ટુર્નામેન્ટો, ઇન્ડિયન પ્રિમિયર લીગની(આઇપીએલ) ટુનામેન્ટો, ચેમ્પીયન્સ લીગ ટ્વેન્ટી૨૦ સ્પર્ધાઓ, ઓસ્ટ્રેલિયન ક્રિકેટ, ન્યુ ઝીલેન્ડ ક્રિકેટ, સાઉથ આફ્રિકન ક્રિકેટ અને અન્ય મોટી ક્રિકેટ ટુનામેન્ટોના સીધા પ્રસારણ રજુ કરવાના અધિકારો પ્રાપ્ત થયા છે. આ અધિકારોમાં ૨૦૦૯માં ઇંગ્લેન્ડમાં રમાનારી આઇસીસી વર્લ્ડ ટવેન્ટી૨૦ ટુર્નામેન્ટની મેચો તથા ૨૦૦૯/૧૦ની આઇપીએલ ટુર્નામેન્ટ્સ, ૨૦૦૯નો ભારતનો ન્યુઝીલેન્ડનો પ્રવાસ તેમજ ૨૦૧૧ આઇસીસી ક્રિકેટ વર્લ્ડ કપની મેચો બ્રોડકાસ્ટ કરવાના અધિકારોનો સમાવેશ થાય છે.

ડાયરેક્ટીવી વિલૉ ટીવીના પાર્ટનર બનતા અને વિશ્વની ટોચની ક્રિકેટ ટુનામેન્ટો સાથે સહભાગી થવા બદલ ગૌરવ અનુભવે છે, જેથી તે યુએસમાં વસતા ક્રિકેટપ્રેમી દર્શકો માટે ક્રિકેટની ઉત્તેજનાત્મક શ્રેણીઓ તેમજ ક્રિકેટની રમતમાં નવી ક્રાંતિ લાવનાર ટ્વેન્ટી ૨૦ ફોરમેટ હેઠળ રમાતી



ક્રિકેટ સ્પર્ધાઓની મેચો રજુ કરી શકશે, એમ વર્લ્ડડાયરેક્ટ, ઇન્ક.ના વાઇસ પ્રેસિડન્ટ જોન ડી આર્માસે જણાવ્યું હતું. હવે યુએસ સ્થિત ક્રિકેટપ્રેમી દર્શકો ડાયરેક્ટવી દ્વારા ૧૦૦ ટકા ડિજીટલ ઇમેજ અને સાઉન્ડ વડે જાગતિક સ્તરની ક્રિકેટ મેચો જોવાની ભૂખ સંતોષી શકશે. ડાયરેક્ટીવીના ક્રિકેટટિકટ ૨૦૦૯ના પેકેજ હેઠળ આ વ્યવસ્થા તા. ૧૧ ફેબ્રુઆરીથી શરૂ થઇ ચૂકી છે. ક્રિકેટટિકટ એ વર્લ્ડ ડાયરેકટના પ્રોગ્રામીંગ પ્લેટફોર્મના ભાગરૂપે છે અને તે ફૂલ સીઝન માટે ૨૯૯.૯૯ ડોલરમાં અથવા તો આઇ પીએલ ને આઇસીસી વર્લ્ડ ટ્વેન્ટી૨૦ પેકેજ ૧૯૯.૯૯ ડોલરમાં ઉપલબ્ધ થશે. વ્યક્તિગત મેચો પણ ખરીદી શકાશે, જેના દર મેચ પ્રમાણે અલગ અલગ રહેશે. વર્લ્ડડાયરેક્ટના ગ્રાહકોએ પ્રથમ ડાયરેક્ટીવી બેઝીક (મહિના દીઠ ૯.૯૯ ડોલર)અથવા તો પ્રિફર્ડ ચોઇસ (મહિના દીઠ ૩૨.૯૯ ડોલર) અને એક ઇન્ટરનેશનલ પ્રોગ્રામીંગ પેકેજ અથવા કોઇ ડાયરેક્ટીવી હેઝ પ્રોગ્રામીંગ પેકેજ(મહિને ૨૯.૯૯ ડોલર અથવા વધુ) સબ્સક્રાઇબ કરવાનું રહેશે. આ પેકેજ અંગે વધુ માહિતી માટે ૧-૮૦૦-૩૭૮-૪૧૭૯ ઉપર સંપર્ક કરવો અથવા www.criketticket.com ની મુલાકાત લેવી એમ ડાયરેક્ટીવીની અખબારી યાદી જણાવે છે.